ટેબલેટ અને ઈન્ટરનેટ યુગમાં જન્મેલા બાળકોને 'ફરકડી' નામ નવું લાગશે. પણ સસ્તુ અને ઘરઘથ્થુ મનોરંજન પુરૂ પાડતુ આ રમતનું સાધન હવે તો વાર-તહેવારે જ જોવા મળે છે. (કશ્યપ નિમાવત)

નવી મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ ૨૦૧૪-૧૫થી અમલમાં

૪.૫ લાખની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો માટે નવી શિષ્યવૃત્તિ યોજના તૈયાર કરી લેવામાં આવી

ગાંધીનગર, તા.૦૪

નિયો મિડલ ક્લાસ માટે એફોર્ડેબલ હાઉસીંગ સ્કીમ લોન્ચ કર્યા પછી હવે ગુજરાત સરકાર દ્વારા ૪.૫ લાખની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો માટે નવી શિષ્યવૃત્તિ યોજના તૈયાર કરવામાં આવી છે. નવી શિષ્યવૃત્તિ યોજનાઓને સુગ્રથિત કરવામાં આવી છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી નવી "મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના" ૨૦૧૪-૧૫થી અમલમાં મુકાશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત સરકાર દ્વારા ૪.૫ લખ વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો માટે નવી શિષ્યવૃત્તિ યોજના તૈયાર કરવામાં આવી છે. આ નવી મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, તથા અન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓને મળશે. આ યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ તથા અન્ય બોર્ડના ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળ થયેલા વિજ્ઞાન પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા ચાર પર્સન્ટાઈલ સુધીના વિદ્યાર્થીઓ અને સામાન્ય પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા એક પર્સન્ટાઈલ ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેરીટના આધારે મળવાપાત્ર થશે. રાજ્ય સરકારના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આ નવી શિષ્યવૃત્તિ યોજનામાં સ્નાતક અભ્યાસક્રમોમાં એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે. રાજયમાં સૌથી ઓછી મહિલા સાક્ષરતા ધરાવતા તાલુકાઓની શાળાઓમાંથી ધોરણ-૧૨ની પરીક્ષામાં ૭૫ ટકાથી વધારે ગુણ મેળવનાર કન્યાઓને આવક મર્યાદા ધ્યાનમાં લીધા સિવાય આ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળશે. આ ઉપરાંત ભારત સરકારની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી પ્રીમીયર સંસ્થાઓ એનઆઈડી, આઈઆઈટી, આઈઆઈએમ, એનડીએ, એએફએમસી, એઆઈઆઈએસ, ફિલ્મ અને ટીવી ઈન્સ્ટિટ્યુટ પૂના જેવા રાજ્ય બહાર પ્રવેશ મેળવનાર મૂળ ગુજરાતના વિદ્યાર્થીઓને તેમજ ગુજરાત રાજયના ૪ વર્ષના ઈન્ટીગ્રેડેટ, બીએડ અભ્યાસક્રમ, ટેકનિકલ ડિગ્રી અને ડિપ્લોમાં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર ગુજરાતમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવા પાત્ર થશે.

પ્રાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર જે તે અભ્યાસક્રમ માટે નિયત થયેલા ટ્યુશન ફી પેટે લોન લેવા માંગતા હોય તે લોનના ૫૦ ટકાની રકમ અથવા રૂપિયા ૫૦ હજાર કે તે બે પૈકી જે ઓછું હોય તેટલી શિષ્યવૃત્તિ આ યોજના હેઠળ મળવા પાત્ર થશે. ખાસ કરીને ઈજનેરી, તબીબી, ચાર્ટડ એકાઉન્ટન્સી, વકીલાત, આર્કિટેક્ટ, ઉચ્ચ શ્રેણીના કોન્ટ્રાક્ટર વગેરે અભ્યાસક્રમો માટે આ શિષ્યવૃત્તિ યોજનાનો નિયત માપદંડ ધરાવતા વિદ્યાર્થીઓને લાભ મળશે. આ અંગે ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ રાજ્ય શિક્ષણ મંત્રી વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે જુની યોજનાઓમાં શિષ્યવૃત્તિની સંખ્યા મર્યાદિત હતી. શિષ્યવૃત્તિના દર પણ ઘણા ઓછા હતા. એટલું જ નહીં લાગુ પાડવામાં આવેલ આવક મર્યાદાને કારણે હાલની શિષ્યવૃત્તિ યોજનાઓ સામાજિક, આર્થિક પરિસ્થિતિમાં સુસંગત ન હોવાથી શિક્ષણ વિભાગની ૭ શિષ્યવૃત્તિ યોજનાઓ સંકલિત કરી એક નવી શિષ્યવૃત્તિ યોજના અમલી બનાવવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

ડૉ. આંબેડકર જન્મજયંતિ સમિતિની કારોબારી મળશે

ગાંધીનગર, તા.૪

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ સમિતિ દ્વારા વિશ્વ વિભૂતિ અને ભારત રત્ન ડૉ. આંબેડકરની ૧૨૩મી જન્મજયંતિ તા. ૧૪ એપ્રિલના રોજ મનાવવામાં આવશે. જેના ભાગરૂપે સમિતિની કારોબારી મીટીંગ તા. ૫ માર્ચ સાંજે ૪-૦૦ કલાકે ટાઉનહોલ સામેની લોન સે-૧૭ ખાતે યોજાશે. મીટીંગમાં બાબા સાહેબની જન્મજયંતિ વિશે વિવિધ પ્રકારના આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે નગરની સંલગ્ન સંસ્થાઓના હોદ્દેદારો અને સમિતિના હોદ્દેદારો કાર્યકરોને ઉપસ્થિત રહેવા સમિતિ દ્વારા જણાવાયું છે.

સે-૭માં રહેતા વૃદ્ધનો બે માસથી પત્તો મળતો નથી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-સી પ્લોટ નં. ૯૮૦/૨ ખાતે રહેતા ૫૮ વર્ષીય વૃદ્ધ નાથુભાઈ સુખાભાઈ બનસોડે બે માસ અગાઉ વહેલી સવારે પોતાના ઘરેથી નીકળ્યા હતા તેમનો આજ દિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. વૃદ્ધ નાથુભાઈ રંગે શ્યામવર્ણનાં, મધ્યમ બાંધો ધરાવતા અને જમણા હાથે મોટું કાળુ લાખું છે. ગુજરાતી, હિન્દી અને મરાઠી ભાષા જાણતા આ વૃદ્ધના કોઈને સગડ મળે તો સે-૭ પોલિસનોસંપર્ક કરવા જણાવાયું છે. લાપતા વૃધ્ધની શોધખોળ માટે સે-૭ પોલિસ મથકના પીએસઆઈ જી.કે. પરમાર તપાસ ચલાવી રહ્યા છે.

રેપેકો-૨૦૧૪ અંતર્ગત બે દિનનો સેમિનાર થશે

આઈઆઈટી ગાંધીનગરમાં આગામી ૮ અને ૯ માર્ચના રોજ રેપેકો-૨૦૧૪ વિષય ઉપર સેમિનાર યોજવામાં આવશે. આ સેમિનારમાં આઈઆઈટી ગાંધીનગર સાથે સંકળાયેલ પીએચડીના વિદ્યાર્થીઓ, માસ્ટર્સના વિદ્યાર્થીઓ સહિત દેશની અન્ય આઈઆઈટી અને એનઆઈટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ બે દિવસીય સેમિનારમાં વિદ્યાર્થીઓ દ્વારા એન્જીનીયરીંગ, સાયન્સ અને હ્યુમિનિટી વિષયો પર ૬૫ ઓરલ પ્રેઝન્ટેશન, ૩૫ પોસ્ટર ડિસ્પ્લે રજુ કરવામાં આવશે. આઠમી માર્ચથી યોજાનાર આ સેમિનાર માટે આઈઆઈટી ગાંધીનગર ખાતે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મામાં નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો

ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં વર્ગ-૪ના કર્મચારી તરીકે નોકરી કરતા મકવાણા બાબુભાઈ બલ્લુભાઈ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા ડૉ. સુવેરા(આરએમઓ)ના અધ્યક્ષસ્થાને સોમવારે નિવૃત્ત સન્માન સમારંભ યોજાયો હતો. બાબુભાઈ મકવાણાને શાલ ઓઢાડી ચાંદીની મૂર્તિ આપી સન્માન કરી વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. અશ્વિનભાઈ ગઢવી, ડૉ. બી.વી. ગઢવી, ડૉ. રોહિત ચૌહાણ સહીત હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ભારતીય કિસાન સંઘ ધ્વારા ભ્રષ્ટ્રાચાર મુક્તિ અભિયાન કાર્યક્રમ તા.૪/૩/૨૦૧૪ ને મંગળવારથી શુભારંભ કરેલ છે.જન-જન કી હૈ પુકાર,ભ્રષ્ટ્રાચાર પર કરો પ્રહારો ભારતીય કિસાન સંઘનું ભ્રષ્ટ્રાચાર મીટાવવા અથાગ પ્રયત્નો હાથ ધરવામાં આવશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. ભારતીય કિસાન સંઘ પ્રમુખ શાંમળભાઈ પટેલ,ભારતીય કિસાન સંઘ જીલ્લા મંત્રી જીવાભાઈ લઢ્ઢા સહિત ભારતીય કિસાન સંઘના હોદ્દેદારો, કાર્યકરો, ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય કિસાન સંઘના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે કોઈ પણ સરકારી કચેરીમાં કોઈ પણ કામ-કાજ અર્થે અધિકારીઓને લાંચ આપીશુ નહી, ખેડુતો સાથે મળી ભ્રષ્ટ્રાચાર ભગાવીએ, કિસાનો કા નારા હૈ, ભ્રષ્ટ્રાચાર ભગાના હૈ,જય જવાન,જય કિસાનના નારા સાથે રેલીનો પણ કાર્યક્રમ યોજાયો હતો.

ભિલોડાના નારણપુર-નારસોલી ગામની પ્રાથમીક શાળામાં તસ્કરો ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો ચોરી ગયા

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં કેટલાક સમયથી લુંટફાટ,તસ્કરી થઈ રહી છે.થોડા દિવસ અગાઉ ખલવાડની પ્રાથમીક શાળામાં કોમ્પ્યુટર વિગેરે ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો ચોરાયા હતા તેની શાહી સુકાઈ નથી ત્યાં ભિલોડાના વાંકાનેર ગામે દેનાબેંકના મકાનના ત્રણ દરવાજા તોડી તસ્કરો બેંકના સી.સી.ટી.વી.કેમેરા તોડી બેંકની તીજોરી સુધી પહોંચી જઈ તીજોરી તોડવાના અથાગ પ્રયત્નો કર્યા હતા પણ સફળતા મળી નહી તે પછી તે જ રાત્રે મુંબઈ ખાતે રહેતા વાંકાનેરના ઠાકર રાજુભાઈ વિઠ્ઠલભાઈના બંધ મકાનનું તાળુ પણ તુટ્યુ હતું ત્યારે આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળ્યું છે કે નારણપુર-નારસોલી વિગેરે વિસ્તારમાં છેલ્લા વીસેક દિવસથી દસેક તસ્કરોની ગેંગ આ વિસ્તારમાં વ્હીકલ સાથે ફરી રહી છે ત્યારે ખેતરોમાં કાચાં મકાનો બનાવી ખેતરમાં જ વસતા ખેડુતો ગાયો,ભેંસો,બળદ વિગેરે સગેવગે ન થાય તેમજ મારની બીકે છેલ્લા દસેક દિવસથી ઠાકોર સમાજની ૧૦૦ ટકા વસ્તી ધરાવતા આ ગામના ખેડુતો પોતાના પશુઓ ખેતરમાંથી ઘરે લઈ આવ્યા છે.

રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી જાગતા આ વિસ્તારમાં જાણે કે છેલ્લા કેટલાક દિવસોથી રાત્રે ૯:૦૦ વાગ્યા પછી સનાટ્ટો છવાઈ જાય છે ત્યારે નારણપુર-નારસોલી પ્રાથમીક શાળાના પ્રિન્સિપાલ મક્સીભાઈ ધનજીભાઈ ગામેતીએ ફરીયાદ કરી છે કે તા.૧/૩/૨૦૧૪ ની રાત્રીએ કોઈ ચોર ઈસમો કોમ્પ્યુટર લેબ રૂમનું તાળુ તોડી પાંચ જેટલા એચ.સી. એલ.કંપનીના એલ.સી.ડી.મોનીટર તેમજ છ નાના સ્પીકર સેટ તેમજ એક જુનું એમ્પ્લીફાયર મળી કુલ રૂા.૧૬,૫૦૦/-ની મતાની ચોરી કરી ફરાર થઈ જતાં ઉપર મુજબ ફફડતા ગ્રામ્યવિસ્તારના ખેડુતો, શ્રમીકોમાં ભયની લાગણી પ્રસરી છે.ભિલોડા પોલીસ ધ્વારા ધારાધોરણની કાર્યવાહી હાથ ધરેલ છે.ભિલોડા પી.એસ. આઈ. વી.યુ.ચાવડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

જેલોમાં બંધ કુલ ૧૨ હજાર કેદીઓને આધારકાર્ડ મળશે

અમદાવાદ, તા.૦૪

ગુજરાત હાઈકોર્ટમાં એક મહિલા દ્વારા પીટીશન થઈ હતી. એ પીટીશનમાં મહિલાએ કોર્ટનું ધ્યાન દોર્યું હતું કે રાંધણગેસ માટે આધારકાર્ડ ફરજીયાત હોવાથી અને પતિ જેલમાં હોવાથી ગેસનો બાટલો મેળવવાથી વંચિત રહી જશે. હાઈકોર્ટે મહિલાની પિટીશનની ગંભીર નોંધ લઈ મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. કોર્ટે આદેશ કર્યો છે કે ૧૫મી માર્ચ સુધી ગુજરાતભરની જેલોમાં રહેલ કેદીઓને આધારકાર્ડ આપવામા આવે. કોર્ટના આદેશ બાદ જેલતંત્ર દોડતું થયું છે.

આ કેસની વિગત એવી છે કે એક મહિલા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરવામાં આવી હતી. આ પિટીશનમાં તેમણે જણાવ્યું હતું કે રાંધણગેસ માટે આધારકાર્ડ ફરજીયાત છે અને પતિ જેલમાં હોવાથી આધારકાર્ડ વગર ખૂબ અગવડતા પડશે અને એમ લાભથી વંચિત રહી જઈશું. હાઈકોર્ટમાં આવી પિટીશન થતાં જ હાઈકોર્ટના જસ્ટીસે આ પરિસ્થિતિની ગંભીર નોંધ લઈ માનવતાવાદી અભિગમ અપનાવી ગુજરાત રાજ્યની તમામ જેલોમાં બંધ કેદીઓને ૧૫મી માર્ચ સુધી આધારકાર્ડ આપવા અંગે તંત્રને આદેશ આપ્યો છે.

આ બાબતે રાજ્યના પોલીસ મહાનિદેશક અને જેલનો હવાલો સંભાળતા પી.સી. ઠાકુરે પણ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશને સમર્થન આપ્યું છે. મહિલા દ્વારા હાઈકોર્ટમાં અપીલ થઈ ત્યારે રાંધણગેસ માટે આધારકાર્ડ ફરજીયાત હતુ અને તે માટે ડેડલાઈન પણ અપાઈ હોવાથી મોટાભાગના લોકોએ આધારકાર્ડ કઢાવવા દોડધામ કરી મુકી હતી. આવા આધારકાર્ડ માટે મહિલાઓને ખૂબ તકલીફ પડી રહી હતી કેમ કે તેઓ ઘરકામમાંથી માંડ-માંડ ફુરસદ મેળવી આધારકાર્ડ માટે ધક્કા ખાતા હતા. ગુજરાત હાઈકોર્ટનો આદેશ બાદ જેલમાં બંધ કેદીઓને આધારકાર્ડ ઉપલબ્ધ કરાવવા જેલતંત્ર દોડતું થઈ ગયું છે. હવે ૧૪મી માર્ચ સુધી રાજ્યની વિવિધ જેલોમાં બંધ અંદાજે ૧૨ હજાર જેટલા કેદીઓને આધારકાર્ડ જેલમાં જ મળી રહેશે. આ આધારકાર્ડ કેદીઓ માટે પોતાના આઈડી પ્રુફ તરીકે કામ લાગશે.

ઉન્નતવર્ગથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા વધી

લોકસભાની ચૂંટણીનજીક છે ત્યારે ગુજરાત સરકારે પણ આકર્ષક યોજનાઓજાહેર કરવાની શરૂઆત કરી દીધી છે. આ દિશામાં આગળ વધીને સરકારે હવે વધુ એક પહેલ કરી છે. સૌનો સાથ સૌનો વિકાસના મંત્ર સાથે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ એ પ્રવર્તમાન રાજ્ય સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવિષ્ટ જાતિ પૈકી ઉન્નત વર્ગને બાકાત રાખવા માટેની આવક મર્યાદા રૂા. ૪.૫૦ લાખથી વધારી રૂપિયા છ લાખની આવકમર્યાદા કરવાનો નિર્ણય કરેલ છે તે આ નિર્ણયનો અમલ આગામી તા. ૧-૪-૧૪થી થશે. આ અંગે વધુ વિગતો આપતા સામાજિક હક્ક અને અધિકારના મંત્રી વોરાએ જણાવ્યું હતું કે, ઉન્નત વર્ગને બાકાત રાખવા માટેની હાલની આવક મર્યાદાને કારણે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવિષ્ટ જ્ઞાતિઓના તેજસ્વી અને આશાસ્પદ યુવાનો /યુવતીઓને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા અને સરકારી સેવામાં અનામત કેટેગરીમાં નોકરી મેળવવા માટેનો લાભ લઈ શકતા ન હતા. હાલમાં વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં લઈને નોન ક્રીમિલીયરની આવક મર્યાદામાં વધારો કરવાની બાબત સરકારની વિચારણમાં હતી. પ્રવર્તમાન રાજ્ય સરકારની સામાજિક-શૈક્ષણિક પછાત વર્ગોમાં સમાવિષ્ટ જાતિઓનો સર્વગ્રાહી અને સર્વ સમાવેશક વિકાસ કરવા માટેની નેમ વ્યક્ત કરીને ક્રિમીલીયરમાંથી બાકાત રાખવા માટેના આવકના માપદંડ મુજબની મર્યાદા રૂપિયા એક લાખ હતી, જેમાં ક્રમશઃ ઉત્તરોત્તર વધારો કરી હાલ રૂપિયા છ લાખની મર્યાદા નક્કી કરવામાંઆવી છે.

શબ્દાવલી - ૫૩૩૦



આડી ચાવી

૧. તાવનો એક પ્રકાર (૪)
૩. ઇચ્છા, આકાંક્ષા (૨)
૫. સૂર્ય, રવિ (૪)
૭. દીલી, વ્હાલો (૩)
૮. ગેલેરી (૩)
૧૦. દૂધમાં નાખીને પીવાય (૪)
૧૨. ઓછપ, ભરતી પછી... આવે (૨)
૧૩. છોકરી, પુત્રી (૩)
૧૪. બુઝાવવું, હોલવવું, ... કરવું (૩)
૧૬. રજ (૨)
૧૭. કૈકેયીની માનીતી દાસી (૩)
૧૮. હિંદુઓનું સૌથી પ્રાચીન ધર્મ પુસ્તક (૨)
૧૯. બેવફાઇ, ધોખા (૩)

ઊભી ચાવી

૧. મનને હરી લે તેવું (૪)
૨. ખાલી (૨)
૩. ફીદા, વારી જવું (૪)
૪. મજામાં છો? ની જગ્યાએ... છે? (જૈનોમાં પુછાય) (૨)
૫. વહાણ (૪)
૬. એક કંદનું શાક રોજિંદા ઉપરાંત ફરાળમાં પણ ચાલે (૩)
૯. સગવડ (૪)
૧૧. ખાલી, પોલું (૩)
૧૩. ખાલી, પોલું (૩)
૧૪. પૈસાની ધીરદાર કરનાર (૩)
૧૫. કિસ્મત, ભાગ્ય (૩)
૧૭. ધીમુ, ધીરુ (૨)

શબ્દાવલી ૫૩૨૯ના જવાબ

આડી ચાવી :- (૧) રફ (૪) જનક (૬) લજામણી (૮) કલી (૯) ધર્મયુદ્ધ (૧૦) મધુર (૧૪) પ્રસવેદ (૧૬) સારસ (૧૮) સાર (૧૯) કારગત (૨૧) ખુતમણી (૨૨) મકન

ઊભી ચાવી :- (૧) છાલક (૨) રમ (૩) ફણીધર (૪) જટાયુ (૫) કર (૭) જાલીમ (૧૧) ઘુમ્મસ (૧૨) ઉદર (૧૩) ઢોંસા (૧૪) પસાર (૧૫) સરગમ (૧૭) રખાત (૧૯) કાણી (૨૦) તક

એક જ તબક્કામાં મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ચૂંટણીપંચ દ્વારા ચૂંટણીની વિધિવત્ જાહેરાત થતાં જ રાજ્યમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ જશે. ચૂંટણી માટે જુદા જુદા સ્કવોર્ડની પણ રચના કરી દેવામાં આવી છે. ગઈકાલે જ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી અનીતા કરવાલે જિલ્લા કલેક્ટરો સાથે એક વિડીયો કોન્ફરન્સ યોજી અને તૈયારીઓ અંગેની સમીક્ષા પણ કરી હતી.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી દ્વારા રાજકીય પક્ષો સાથે પણ બેઠક યોજવાની દિશામાં તૈયારીઓ ચાલી રહી છે. પંચે આ વખતે ખર્ચ નિયંત્રણ વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવાનો મહત્વનો નિર્ણય કરેલ છે. તેમજ પ્રથમ જ વાર બેલેટ યુનિટમાં નોટાનો ઉપીયોગ થનાર છે.

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો છે અને વિધાનસભાની સાત પેટા ચૂંટણીઓ પણ આ સાથે યોજાવાની હોવાથી તંત્રને વધુ ચોકસાઈ રાખવા માટેની સૂચનાઓ પંચે આપી છે.

ગુજરાત વિધાનસભાની ૬ બેઠકો સભ્યોના રાજીનામાથી ખાલી પડે છે જ્યારે ૧ બેઠક સભ્યના અવસાનને કારણે ખાલી પડી છે. જે જિલ્લાઓમાં પેટા-ચૂંટણીઓ યોજાવાની છે તેમાં કચ્છની બે, જૂનાગઢની બે, સાબરકાંઠા, સુરત અને અમરેલીની એક-એક બેઠકનો સમાવેશ થાય છે.

લોકસભાની ચૂંટણીને લઈ તંત્ર દ્વારા પણ ઈ.વી.એમ. સહિતની મશીનરી તૈયાર કરવાની કામગીરી એકાદ દિવસમાં જ હાથ ધરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓની નિયુક્તી અને તાલિમ પૂર્ણ થઈ ગઈ છે. આ ઉપરાંત પોલીસ તંત્ર દ્વારા પણ એક ખાસ ઈલેકશન મોનીટરીંગ એપ્લીકેશન સિસ્ટમ નામનુ એક અલાયદુ સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. જેના પર કાયદો અને વ્યવસ્થાની ઘટનાઓ અને રિપોર્ટીંગની વિગતો ઉપલબ્ધ બનશે.

લોકસભા ચૂંટણીની.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામાન્ય ચુંટણીની તારીખો નક્કી કરવામાં વાતાવરણ, પરીક્ષાઓ અને ઉત્સવોને ધ્યાનમાં લેવાય છે. સુત્રોના જણાવ્યા મુજબ ૧૬મી એપ્રિલથી ૧૩મી મે દરમિયાન જુદા જુદા સાત તબક્કામાં મતદાન યોજાશે. ભૌગોલિક સમતુલનની સાથે સાથે કાયદો અને વ્યવસ્થા જાળવવાના મુદ્દાઓ ધ્યાનમાં રખાય છે. લશ્કરી અને અર્ધલશ્કરી દળોના સ્થળાંતરનો મુદ્દો પણ ધ્યાનમાં લેવામાં આવે છે. આવતીકાલે ચુંટણીની સત્તાવાર જાહેરાતો સાથે આદર્શ આચાર સંહિતાનો અમલ પણ શરૂ થશે. સરકારી કે અર્ધ સરકારી પદાધિકારીઓ સત્તાનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવાય છે. પ્રચાર માધ્યમોમાં સરકારી જાહેરાતો પ્રદર્શિત કરવા પર પણ મનાઈ હોય છે. સાથે સાથે સરકારી ઈમારતોમાં રાજકીય પ્રવૃત્તિ નહીં કરી શકાય માર્ગો પરના બેનરો-હોર્ડીંગ્સ ઉતારી લેવા પંચ સક્રિય બનશે.

આધારકાર્ડ મળશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગંભીર નોંધ લઈ માનવતાવાદી અભિગમ અપનાવી ગુજરાત રાજ્યની તમામ જેલોમાં બંધ કેદીઓને ૧૫મી માર્ચ સુધી આધારકાર્ડ આપવા અંગે તંત્રને આદેશ આપ્યો છે. આ બાબતે રાજ્યના પોલીસ મહાનિદેશક અને જેલનો હવાલો સંભાળતા પી.સી. ઠાકુરે પણ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશને સમર્થન આપ્યું છે. મહિલા દ્વારા હાઈકોર્ટમાં અપીલ થઈ ત્યારે રાંધણગેસ માટે આધારકાર્ડ ફરજીયાત હતુ અને તે માટે ડેડલાઈન પણ અપાઈ હોવાથી મોટાભાગના લોકોએ આધારકાર્ડ કઢાવવા દોડધામ કરી મુકી હતી. આવા આધારકાર્ડ માટે મહિલાઓને ખૂબ તકલીફ પડી રહી હતી કેમ કે તેઓ ઘરકામમાંથી માંડ-માંડ ફુરસદ મેળવી આધારકાર્ડ માટે ધક્કા ખાતા હતા. ગુજરાત હાઈકોર્ટનો આદેશ બાદ જેલમાં બંધ કેદીઓને આધારકાર્ડ ઉપલબ્ધ કરાવવા જેલતંત્ર દોડતું થઈ ગયું છે. હવે ૧૪મી માર્ચ સુધી રાજ્યની વિવિધ જેલોમાં બંધ અંદાજે ૧૨ હજાર જેટલા કેદીઓને આધારકાર્ડ જેલમાં જ મળી રહેશે. આ આધારકાર્ડ કેદીઓ માટે પોતાના આઈડી પ્રુફ તરીકે કામ લાગશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીનો કોન્ટ્રાક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોરીયન કંપની સેમસંગ કન્સ્ટ્રકશન સહિત અડધો ડઝન વિદેશી વિરાટ કંપનીઓએ મુખ્યપ્રધાન મોદી સમક્ષ પ્રેઝન્ટેશન કર્યું હતું. પરંતુ એમાંની કોઈ વૈશ્વિક જાયન્ટ કંપનીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ટેન્ડર ભરવામાં રસ દાખવ્યો ન હતો. પ્રોજેક્ટ હજુ શરૂ થયો નથી ત્યાં તેના ખર્ચમાં વધારો થવાની શકયતાઓ નકારવામાં આવી નથી. પ્રોજેક્ટનો ખર્ચ ૨૫૦૦ કરોડથી વધીને રૂ. ૨૮૦૦-૩૦૦૦ કરોડ પહોંચે તેવી શકયતાઓ છે. લોકસભાની ચૂંટણીને કારણે ટેન્ડર પ્રક્રિયામાં ઢીલ થઈ રહી છે. જેને પ્રોજેક્ટ સોંપવામાં આવશે તેણે ૪૦ મહિનામાં સમગ્ર પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો રહેશે.

વધુ કરકસરીયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેટ્રો સિટીમાં આ આંકડો ૪૦૦ મિનીટ જેટલો થાય છે. આ જ પ્રકારે દર મહિને ગુજરાતી મોબાઈલ ધારક સરેરાશ ૨૪ મેસેજ મોકલે છે જેની સરખામણીએ આંધ્રપ્રદેશમાં ૩૧, કર્ણાટકમાં ૫૨, મહારાષ્ટ્રમાં ૪૫, તામીલનાડુમાં ૬૪ મેસેજ દર મહિને મોકલાય છે. એવું તારણ છે કે ગુજરાતીઓ ખુબ ઓછી મુસાફરી કરતા હોવાથી રોમીંગનો વપરાશ પણ ખુબ ઓછો થાય છે.

ટુંકી મુદતની જાહેર નિવિદા

સામુહિક આરોગ્ય કેન્દ્ર, તલોદ/પ્રાંતિજ/તખતગઢ, જિ. સાબરકાંઠામાં દાખલ થતા દર્દીઓને તૈયાર ભોજન અને ચા, કોફી, દુધ આપવા માટે વર્ષ-૨૦૧૪-૧૫ માટે વાર્ષિક ઈજારો આપવાનો હોઈ લાગતા વળગતા ઈજારદારોએ સંબંધિત કેન્દ્રમાંથી ઈજારાના ટેન્ડર રૂબરૂમાં રૂ. ૧૦/- ટેન્ડર ફી ભરી તા. ૧૨/૩/૨૦૧૪ સુધીમાં જે તે કચેરીએથી મેળવી લેવા અને ટેન્ડરમાં દર્શાવેલ શરતોને આધિને ટેન્ડર ફી ભરી તા. ૧૭/૩/૨૦૧૪ સુધીમાં સંબંધિત કેન્દ્રના સરનામે રજી.પો.એ.ડી. મારફતે મોકલી આફવાના રહેશે. મુદત વિતી તારીખ પછી મોકલેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. કવર ઉપર ડાયેટ માટેનું ટેન્ડર દર્શાવવું. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા અધિકારીશ્રીની રહેશે.

વધુ વિગત માટે રજા સિવાયના દિવસોમાં સંબંધિત કાર્યાલયનો સંપર્ક સાધવો.

સહી/-
અધિક્ષક
સામુહિક આરોગ્ય કેન્દ્ર, તલોદ
તા. તલોદ, જી. સાબરકાંઠા

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૫૫૭/૨૦૧૪